# ગુજરાત યુનિવર્સિટી ગુજરાતને ગૌરવ અપાવે છે

આજનો જમાનો ડિજીટલ બનતો જાય છે, ત્યારે સ્વાભાવિક છે કે, જમાનો જેના કારણે અને જેના દ્વારા આગળ વધી રહયો છે તેવા યુવાનો પણ ડિજીટલ બનતા જાય છે. અહીં એ વિચારવું રહયું કે, સમયના બદલાવને કારણે યુવાનો બદલાય છે કે યુવાનોના બદલાવને કારણે સમય-યુ કે જમાનો બદલાય છે ? આજનો યુવાન સતત નવું મેળવવા અને નવું કરવા ઝંખતો રહે છે. ત્યારે તેના વિકાસમાં ફાળો આપતી સંસ્થાઓએ પોતાનામાં બદલાવ લાવીને તેમની ઝંખનાને આદર આપવો પડશે. આવી સંસ્થાઓમાં ટોચના સ્થાને જો કોઈ હોય તો તે છે, તે યુવાન જ્યાં અભ્યાસ કરે છે તે યુનિવર્સિટી. જો યુવાનોમાં પરિવર્તન લાવવું હોય તો યુનિવર્સિટીએ પોતાનમાં પરિવર્તન લાવવું પડશે.

યુનિવર્સિટીનું કામ માત્ર પ્રવેશ, પરીક્ષા અને પરિણામ જ હોત તો તે કામ ખાનગી સંસ્થાાોને પણ સોંપીને સરકાર પોતાની પરનું ભારણ હલવું કરી શકે. યુનિવર્સિટીના કેન્દ્ર સ્થાને વિદ્યાર્થી હોય તે સ્વાભાવિક છે, પણ સાથે તેને સામાજિક, રાજકીય અને આર્થિક દોરવણી આપવાનું કામ પણ કરવાનું છે. વિશ્વની પ્રખ્યાત યુનિવર્સિટની ભૂમિકાને કારણે જ જે તે દેશ વિકસિત બન્યો છે. યુનિવર્સિટી જ દેશની આવતી કાલના ભવિષ્યનું નિમાર્ણ કરનાર સંસ્થા છે. તેના મહત્વને સ્વીકારી તે પ્રમાણે યુનિવર્સિટીએ પોતાનામાં સતત બદલાવ લાવીને, જરૂરી સગવડતાઓ કે માર્ગદર્શન પુરું પાડીને દેશને દોરવણી આપતા રહેવું પડશે. આજનો યુવાન ડિજીટલની સાથે ડાયનેમિક પણ બનતો જાય છે. તેની પાસે નાના સરખાં કામ માટે દોડાદોડી કરવાનો સમય નથી. તે પોતાના ઘેર બેસીને કે રસ્તામાં ચાલતા ચાલતા કે મુસાફરી કરતા કરતા માહિતી મેળવવા ઇચ્છે છે, ત્યારે તેની અપેક્ષા પૂરી કરવા યુનિવર્સિટી અને સરકારે સતત વિચારવું પડશે અને તે પ્રમાણે સગવડતાઓ ઊભી કરવી પડશે. આ વાતાવરણ વચ્ચે ગુજરાતની સૌથી મોટી ગણાતી એવી ગુજરાત યુનિવર્સિટીએ કરેલ પહેલને સમાજે વખાણીને વધાવવી જોઇએ, તથા અન્ય યુનિવર્સિટીએ તેમાંથી પ્રેરણા લેવી જોઇએ.

ગુજરાત યુનિવર્ટીએ હમનાં જ ખોલેલ કન્વેન્શન સેન્ટર ભારતમાં સૌ પ્રથમ છે અને કદાચ વિશ્વમાં પણ સૌ પ્રથમ હશે. આ કન્વેન્શન સેન્ટરને “ અભિવ્યક્તિ ” નામ આપ્યું છે, જ્યાં યુવાનો કે વિવિધ ક્ષેત્રના લોકો આવીને ચર્ચાવિચારણા કરી શકે તેવું સેન્ટર છે. વર્લ્ડ એક્ઝિબિશનની વેબસાઇટ પર જઇને જોઇશું તો ખ્યાલ આવશે કે, આવું કામ કરનાર ખાનગી સાહસો અનેક છે, પણ દુનિયામાં જો કોઇ યુનિવર્સિટી હોય તો તે માત્ર ગુજરાત યુનિવર્સિટી જ છે. આજે ઓનલાઇન એક્ઝામનું મહત્ત્વ વધતું જાય છે, ત્યારે તેના માટે ગુજરાત યુનિવર્સિટીમાં જ એક સાથે એકહજાર વિદ્યાર્થીઓ બેસીને ઓનલાઇન એક્ઝામ આપી શકે તેવી સગવડતા ભારતની અન્ય મોટી યુનિવર્સિટી દિલ્હી, કલકત્તા, ચેન્નાઇ કે મુંબઇમાં પણ નથી. જે ગુજરાતનું અને એક ગુજરાતી તરીકે આપણું ગૌરવ જ ગણી શકાય. આજના વિદ્યાથીને ગેર બેઠા કે રસ્તામાં ચાલતા ચાલતા માહિતી જોઇએ છે, જેને ધ્યાનમાં રાખીને ગુજરાત યુનિવર્સિટીએ કરેલ પહેલ માટે સમગ્ર સમાજે સો સો સલામ મારવી પડે તેમ છે. ગુજરાત યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓ માટે ટેલિફોનિક હેલ્પ લાઇન શરૂ કરેલ છે. જેના નંબર છે, ૦૭૯-૬૬૧૨૩૦૦૦ અને ૦૭૯-૬૬૧૨૩૧૦૦. જેના પર ફોન કરીને વિદ્યાર્થી વિવિધ પ્રકારની માહિતી મેળવી અકે છે. આપણે સૌએ વિચારવું જ રહ્યું કે, યુનિવર્સિટી પાસે વિવિધ પ્રકારના અભ્યાસક્રમો છે, તેમાં પણ હજારો વિદ્યાર્થી અભ્યાસ કરતા હોય અને તેમને વિવિધ પ્રકારની માહિતી જોઇતી હોય છે, ત્યારે આ હેલ્પ લાઇન શરૂ કરનાર ભારતની સૌ પ્રથમ ગુજરાત યુનિવર્સિટીમાંથી અન્ય યુનિવર્સિટીએ પ્રેરણા લઇને પોતાના વિદ્યાર્થીઓને સગવડ અને રાહત આપવાની જરૂર છે. આજે ગામડામાં રહેતા વિદ્યાર્થી પાસે અમદાવાદ રૂબરૂ આવીને માહિતી લેવાનું

પોષાય તેમ નથી, ઉપરાંત પોતાના ઘેર ઇન્ટરનેટની સગવડ હોય અનેક કારણો સર ન હોય ત્યારે યુનિવર્સિટીએ સાચા અર્થમાં વિચર્થીની મુશ્કેલી જાણીને આ સગવડ આપી છે. આજે જાહેરક્ષેત્રની બેંક કે મોબાઇલ કોલની સગવડ આપતી કંપનીઓ જ આવી હેલ્પલાઇન પોતાના સ્વાર્થ કે ધંધા માટે શરૂ કરે છે, ત્યારે ગુજરાત યુનિવર્સિટીએ શરૂ કરેલ આ સગવડ સાચા અર્થમાં વિદ્યાર્થીલક્ષી છે,પણ સાથે એક દુ:ખ એ વાતનું પણ છે કે, આ હેલ્પ લાઇનથી મોટાભાગના વિદ્યાર્થી કે અધ્યાપકો પરિચિત નથી. તે માટે ગુજરાત યુનિવર્સિટીએ પ્રચાર-પ્રસાર કરવાની જરૂર છે, જેથી વિચર્થી એક ફોન કરીને પોતાના સમયે પોતાની જગ્યાએ બેસીને પોતાને જોઇતી માહિતી મેળવી શકે.

આજે ભારતની કેટલી યુનિવર્સિટી પાસે પોતાનો રેડિયો છે, અરે દોસ્તો વિચારો તો ખરા કે, કોઇ હોંશિયાર વિચર્થી કે સારો અધ્યાપક રેડિયો પર વાર્તાલાપ કરશે ત્યારે કેટલા કેટલા લોકોને કેટલો ફાયદો થશે ? એક કોલેજના સારા અધ્યાપકનો લાભ અન્ય કોલેજના વિદ્યાર્થીને પણ મળશે અને સાથે સારા હોંશિયાર વિદ્યાર્થીને પોતાની વાત કરવાનો મોકો મળશે અને પ્રોત્સાહન મળશે. યુનિવર્સિટીનું આ જ તો કામ છે, કે પોતાની પાસે રહેલી સારી બાબતોને અન્ય લોકો સુધી પહોચાડવાની. ભાતની મોટી ગણાતી દિલ્હી. કલકત્ત, ચેન્નઇ કે મુંબઇની યુનિવર્સિટીની સ્થાપના થયે ૧૫૦ વર્ષ થયા છે, ત્યારે ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનાને માંડ ૬૦ વર્ષ થયા છે, પણ દુનિયામાં આવતા પરિવર્તનો સાથે પોતાનામાં પરિવર્તનો લાવવામાં ગુજરાત યુનિવર્સિટી મોખરે છે, જે સૌ ગુજરાતી માટે ગૌરવ છે અને ગુજરાતના વિદ્યાર્થીઓ માટે તક છે. કોઇપણ સંસ્થા કે સમાજ પોતાના ભૂતકાળ અને સંસ્કૃતિમાંથી પ્રેરણા લઇને જ કશુંક શીખે છે. તે રીતે ગુજરાત યુનિવર્સિટી દ્વારા તેની સ્થાપના થઇ ત્યારથી આ વર્ષ સુધીની વિશિષ્ટ બાબતોને લઇને સાહિત્ય બહાર પાડ્યું છે. જે આજના યુવાનો, પદાધિકારીઓ અને વાલીઓને ઉપયોગી થાય તેમ છે. આવું કામ સૌ યુનિવર્સિટી અને અન્ય સંસ્થાઓએ પણ કરવાની જરૂર છે. જે કામ થયે જે તે સંસ્થા કે યુનિવર્સિટીને ફાયદો જ કરાવશે, માર્ગ ચિંધશે સાથે પ્રોત્સાહન આપશે.

આ માટે વિશેષ વાત કરવા ગુજરાત યુનવિર્સિટીના વાઇસ ચાન્સેલર સાથે ટેલિફોનિક વાત કરતા તેમણે કહેલ વાત સૌ યુવાનોના દિલને સ્પર્શ કરનારી અને પ્રેરણા આપનારી છે. તેઓશ્રીએ જણાવેલ કે, હું જ્યારે કોલેજમાં અભ્યાસ કરતો હતો ત્યારે મારા મનમાં કેટલાક પ્રશ્ન ઊભા થતા હતા, મને જે અગવડો પડતી હતી તેનાથી હું નારાજ હતો. ત્યારે મને મનમાં થતું કે, જો હું કુલપતિ બનું તો આવા આવા ફેરફાર કરું. કે જેથી વિદ્યાર્થીઓને ફાયદો અને રાહત થાય, સદ્નસીબે હું કુલપતિ બન્યો અને મને વિદ્યાર્થીના હિતમાં ફેરફાર કરવાની તક મળી. જે હું આજે કરી રહ્યો છું. તેમની આ વાતની નોંધ સૌ વિદ્યાર્થીઓએ નોંધવા જેવી છે. તમે આજે વિદ્યાર્થી છો, સમાજના એક સભ્ય છો, તમને પણ કેટલીક બાબતોમાં પરિવર્તન લાવવાની જરૂરિયાત જણાતી હશે, ત્યારે તમે નક્કી કરો કે ભવિષ્યમાં તમને જો એવી કોઇ તક મળે તો તમે તમારા સ્વાર્થ કરતાં સમાજનું હિત પહેલાં વિચારજો, તમને જે અગવડ કે મુશ્કેલી પડી તે અન્યને ન પડે તેમ વિચારજો. તમે જ ભવિષ્યના ભાગ્ય વિધાતા છો. ત્યારે આજે જ નક્કી કરો કે, ભવિષ્યમાં શું બનવા માંગો છો અને બન્યા પછી શું કરશો. તમે તમારા ધ્યેયને પકડી રાખજો, પ્રયત્નશીલ રહેજો, ધીરજ રાખજો, તમારી મંજિલ તમને મળશે જ.